# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-05-2024** **Morning : 7.10 to 7.20**
**Day: THURSDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર રિદ્ધિ ઉંધાડ વાંચે છે.**

---

- ❖ લોકસભાના ત્રીજા તબક્કા માટેનો પ્રચાર વેગવંતો બન્યો
- ❖ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજયમાં પાંચ સ્થળોએ કરશે ચૂંટણી પ્રચાર – તો કોંગ્રેસ તરફથી અશોક ગહેલોત અને આપ સંયોજક સુનિતા કેજરીવાલ કરશે પ્રચાર
- ❖ લોકસભા ચૂંટણી અંતર્ગત વિવિધ જીલ્લાઓમાં મતદાન જાગૃત્તિના કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.
- ❖ સુરતમાં આજથી ‘યોગ મહોત્સવ 2024’ની ઉજવણીનો પ્રારંભ
- ❖ હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ચાર દિવસ સૌરાષ્ટ્ર–કચ્છના કેટલાક વિસ્તારોમાં ગરમીનું મોજું ફરી વળશે.

------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# GUJ _ PRACHAR

ગુજરાતમાં લોકસભા ચૂંટણીને લઈને પ્રચાર અભિયાન તેજ બન્યું છે. પ્રધાનમંત્રી મોદીની ગુજરાત મુલાકાતનો આજે બીજો દિવસ છે. આજે તેઓ વલ્લભ વિદ્યાનગરમાં શાસ્ત્રી મેદાન ખાતે જાહેર સભાને સંબોધન કરશે. ઉપરાંત તેઓ સુરેન્દ્રનગર - રાજકોટ માર્ગ પર ત્રિમંદિર મેદાનની સામે, જુનાગઢમાં કૃષિ વિશ્વવિદ્યાલય ખાતે અને સાંજે જામનગરમાં પ્રદર્શન મેદાન ખાતે યોજનારી જાહેર સભામાં ભાગ લેશે.

આ પૂર્વે ગઈકાલે તેમણે બનાસકાંઠાના ડીસામાં ચૂંટણી સભા સંબોધી હતી. શ્રી મોદીએ બંધારણની પવિત્રતાને જાળવી રાખવા માટે તેમની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. વધુમાં તેમણે ખાતરી આપી કે તેમના નેતૃત્વ હેઠળની સરકાર બંધારણમાં સમાવિષ્ટ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ ઓબીસી સમુદાય માટેના અનામતનું રક્ષણ કરશે.

પ્રધાનમંત્રી મોદીએ ભારત માટેના તેમની દૂરદૃષ્ટિ પર ભાર મૂકતા કહ્યું કે તેમની સરકાર સત્તામાં આવ્યા બાદ ભારતને વિશ્વની ત્રણ સૌથી મોટી અર્થવ્યવસ્થાઓની હરોળમાં લઈ જશે. તેમણે વોટબેંકની રાજનીતિ માટે કૉંગ્રેસ પક્ષની ટીકા કરી હતી.

શ્રી મોદીએ સાબરકાંઠામાં પણ સભાને સંબોધન કર્યું હતું, જ્યાં તેમણે ભાજપના ઉમેદવારને જંગી મતોથી જીત અપાવવા બદલ લોકોને અપીલ કરી હતી.

---------------------------------------------------------------------

-પુલ, સુનિતા -(નવીન)

AAP _ CONGRESS _ PRACHAR

આમ આદમી પાર્ટીના સંયોજક સુનિતા કેજરીવાલ આજે ગુજરાતની મુલાકાત છે. તેઓ ભરૂચમાં આપ ઉમેદવાર ચૈતર વસાવા માટે ચૂંટણી પ્રચાર કરશે.

તો કૉંગ્રેસના વરિષ્ઠ નેતા અશોક ગેહલોત આજે રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકારોને સંબોધન કરશે.

---------------------------------------------------------------------

-રીપીટ

# MATDAN JAGRUTI - DISTRICT

રાજ્યમાં આગામી 7 મે ના રોજ થનાર લોકસભા ચૂંટણી 2024 અંતર્ગત વિવિધ જિલ્લોમાં મતદાન જાગૃતિના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

ભાવનગરમાં સાગવાડી  ખાતે ૧૫૦ થી વધુ નાગરિકોએ સેલ્ફી પડાવી મતદાન અચૂક કરવા માટે સંકલ્પ લીધા હતા. આ ઉપરાંત ભાવનગર જિલ્લા પોલિસ દ્વારા લોકસભાની સામાન્ય ચુંટણીને ધ્યાને લઈને સોશિયલ મીડીયાનો એક જવાબદાર નાગરિક તરીકે ઉપયોગ કરવા માટે જાહેર જનતાને અપીલ કરવામાં આવી હતી.

જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ બહુમાળી ભવન ખાતેથી મતદાન જાગૃતિ માટે “સાયકલ રેલી”ને પ્રસ્થાન કરાવ્યુ હતું. ૧૫૦થી વધુ સાયકલિસ્ટો સાયકલ રેલીમાં જોડાયા હતા.  રાજકોટ સંસદીય વિસ્તારમાં સામૂહિક મહેંદી કાર્યક્રમ દ્વારા મહિલાઓને મતદાન કરવા માટે જાગૃત કરવામાં આવ્યા હતા.

તેવી જ રીતે પંચમહાલ, ભુજ અને તાપી જિલ્લામાં પણ મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત મહેંદી સ્પર્ધા યોજાઇ.

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ બાર એસોસિએશન દ્વારા મતદાન જાગૃતિ માટે બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપલ ડિસ્ટ્રીક્ટ જજ  પી.એસ.ગઢવીએ આ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ ઉપરાંત વિવિધ તાલુકાઓમાં મહિલાઓએ સામૂહિક મહેદીં કાર્યક્રમ દ્વારા મતદાન જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો હતો અને અચૂક મતદાન કરવાના શપથ લીધાં હતાં.

સુરેન્દ્રનગર જિલ્લામાં મહિલા મતદાનની ટકાવારીમાં વધારો કરવા માટે જિલ્લાની પાંચ વિધાનસભા મત વિભાગની આંગણવાડી ખાતે સામૂહિક મહેંદી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વડોદરામાં મતદાનનું પ્રમાણ વધારવા માટે ધી બરોડા હોટેલ ઓનર એસોસિએશન દ્વારા 694 હોટેલ ઉપર મતદાનના દિવસે મતદાન કર્યાની નિશાની બતાવવાથી બિલમાં સાત ટકા ડિસ્કાઉન્ટ આપવાની જાહેરાત કરવામાં આવી છે.

વલસાડ જિલ્લામાં મતદાનનું પ્રમાણ વધારવા 92 જેટલા દુકાન અને હોટલ માલિકોએ ડિસ્કાઉન્ટની ઓફર જાહેર કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------

-પીટીસી, ભાવનગર, રાજકોટ, તાપી, વલસાડ, પંચમહાલ, માહિતી, ગીરસોમાનથ, સુરેન્દ્રનગર, વડોદરા માહિતી, સંસ્કૃતિ -(નવીન)

# POSTAL MATDAN

લોકસભાની ચૂંટણી અંતર્ગત વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવતા સેવા કર્મચારીઓ પોસ્ટલ બેલેટથી મતદાન કરી રહ્યા છે..

જે અંતર્ગત પંચમહાલના ગોધરા વિધાનસભા મતદાર વિભાગ માટે ફરજ બજાવતા પોલિંગ સ્ટાફ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, કર્મચારીઓ, પોલીસ કર્મચારી અને અન્ય સ્ટાફે પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કર્યું.જે અધિકારી કે કર્મચારીએ કોઈ કારણોસર મતદાન નથી કર્યું તે  તારીખ 6 મે સુધી પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકશે.

સાબરકાંઠા જિલ્લામાં ચાર વિધાનસભા મતવિસ્તારમાં ફેસીલીટેશન સેન્ટર ઉભા કરવામાં આવ્યા છે. તમામ સેવા કર્મચારીઓ આવતીકાલ સુધી પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકશે.

પાટણમાં અધિક કલેકટર, ડીડીઓ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી તેમજ ચૂંટણી કામગીરીમાં ફરજરત અન્ય અધિકારી, કર્મચારીઓએ પોસ્ટલ બેલેટ પેપરથી ગઈકાલે મતદાન કર્યું હતું. પ્રાંત ઓફીસ કચેરી ખાતે તારીખ ૬ મે સુધી પોસ્ટલ બેલેટ મતદાનની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

તો સુરેન્દ્રનગર જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત ચૂંટણી કામગીરીમાં રોકાયેલા પોલીંગ સ્ટાફ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સુરેન્દ્રનગર જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા  બે દિવસીય  પોસ્ટલ દ્વારા મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

છોટા ઉદેપુર જિલ્લામાં ત્રણ દિવસ દરમ્યાન ૩ હજારથી વધુ કર્મીઓએ  પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું.

-----------------------------------------------------------------------

-પીટીસી, પંચમહાલ, સાબરકાંઠા, પાટણ, સુરેન્દ્રનગર, છોટાઉદેપુર, રિદ્ધિ-(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

વધુ સમાચાર માટે આપ આકાશવાણી અમદાવાદના x હેન્ડલને ફૉલો કરી શકો છો, અને અમારી Yotube ચેનલ પર આપના પ્રતિભાવો પણ આપી શકો છો.

.......................................

DESK

# SURAT-YOG

કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલય હસ્તકની મોરારજી દેસાઇ રાષ્ટ્રીય યોગ સંસ્થા અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સંયુક્ત ઉપક્રમે આજે સુરતના અઠવાલાઇન્સ સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ‘યોગ મહોત્સવ-૨૦૨૪’ કાર્યક્રમ યોજાશે. દર વર્ષે ૨૧ જૂને આંતરરાષ્ટ્રીય યોગ મહોત્સવની ઉજવણીનાં 50 દિવસ પહેલા લોકોને યોગ માટે પ્રોત્સાહિત કરવાના હેતુસર યોગ મહોત્સવ-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સામૂહિક યોગાભ્યાસ કરાવવામાં આવશે.

---------------------------------------------------------------------

-રીપીટ

# GPSC

રાજયમાં પોલીસ ભરતીમાં અત્યાર સુધી 10 લાખ 26 હજાર અરજીઓ મળી છે.

ગૌણ સેવા પસંદગી મંડળના સચિવ હસમુખ પટેલે જણાવ્યું છે કે, પીએસઆઈની ભરતી માટે ચાર લાખ 53 હજાર અરજીઓ મળી છે.

(બાઇટ-હસમુખ પટેલ)

---------------------------------------------------------------------

- દિપીકા, -(નવીન)

# GUJ. WEATHER

હવામાન વિભાગે  આગાહી કરી છે કે આગામી ચાર દિવસ સૌરાષ્ટ્ર–કચ્છના કેટલાક વિસ્તારોમાં ગરમીનું તીવ્ર મોજું ફરી વળશે.

કચ્છ, પોરબંદર, દીવ, ભાવનગર, અને વલસાડમાં આગામી ચાર દિવસ દરમિયાન હીટવેવની શક્યતા છે. આગામી છ દિવસ દરમિયાન અમદાવાદ શહેરના મહત્તમ તાપમાનમાં એક થી બે ડિગ્રીનો વધારો થશે. આ ઉપરાંત કચ્છથી લઇને દમણ સુધીના દરિયાકાંઠાના વિસ્તારમાં અકળામણનો અનુભવ થશે.

રાજ્યમાં આજે ભુજ અને રાજકોટમાં 41 ડિગ્રી તાપમાન, અમદાવાદ અને ડીસામાં 40 ડિગ્રી તાપમાન, જયારે સુરત અને વડોદરામાં 39 ડિગ્રી તાપમાન રહેવાની સંભાવના છે.

---------------------------------------------------------------------

-હવા. વેબ., રિદ્ધિ -(નવીન)

# KESAR KERI

ગીરની કેસર કેરીની વિદેશમાં માંગ પ્રતિદિન વધી રહી છે, ત્યારે કેસર કેરીની આંતરરાષ્ટ્રીય નિકાસ સાથે સંકળાયેલા ખેડૂતો આ વર્ષે કેરીની નિકાસને લઈને ખુશખુશાલ છે. ગયા વર્ષે 1100 ટનથી વધુની નિકાસ થઈ હતી.

આ વર્ષે પ્રતિદિન 10 થી 12 ટન જેટલી કેસર કેરીની માંગ વધી છે. તાલાલાની કેસર કેરી દુબઈ, કેનેડા, રશિયા જેવા દેશોમાં અત્યારે એક્સપોર્ટ થઈ રહી છે હવે પછી ઓસ્ટ્રેલિયા અને અમેરિકામાં પણ એક્સપોર્ટ થશે.

આ અંગે વધુ માહિતી આપે છે.

(બાઇટ – હસમુખ ગજપરા)

------------------------------------------------------------------

- **PTC-GIRSOMNATH-RAJESH BHAJGOTAR, RIDDHI, SONAL**

# GUJARAT STHAPANA DIN

રાજ્યભરમાં ગઈકાલે ગુજરાતના 64માં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી.

પાટણના રિજિયોનલ સાયન્સ સેન્ટર ખાતે કલેકટરની ઉપસ્થિતિમાં ગુજરાતના ૬૪માં સ્થાપના દિવસની કેક કાપીને ઉજવણી કરવામાં આવી. વિદ્યાર્થીઓ, શિક્ષકો સહિત જાહેર જનતાએ ઉજવણીમાં હાજર રહ્યા હતા.

---------------------------------------------------------------------

-પીટીસી, પાટણ, રિદ્ધી -(નવીન)

# COVID-SHAKTISINH GOHIL

કોરોના વેક્સિન કોવિશિલ્ડ મુદ્દે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે સરકાર પર પ્રહાર કર્યા હતા... અમદાવાદમાં આવેલી કોંગ્રેસની કચેરીમાં પત્રકાર પરિષદમાં શક્તિસિંહ ગોહિલે આક્ષેપ કર્યો હતો કે વેક્સિન આપ્યા બાદ તેની આડઅસર અંગે સરકારે ડેટા એકત્રિત જ ન કર્યો... એટલું જ નહીં, સરકારે વિશ્વ આરોગ્ય સંસ્થાની માર્ગદર્શિકાને પણ અવગણી તેનું પણ પાલન નથી કર્યું.

---------------------------------------------------------------------

-રીપીટ